بسم اللہ الرحمن الرحیم نحمدہ ونصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود
لا الہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصار اللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com
حوالہ/Ref ______________ تاریخ/Date ______________

# કૃતજ્ઞતા અંગે હઝરત મસીહ મૌઉદ (અ)નો અમલી નમૂનો

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

***સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ. તા. 21 ઓગસ્ટ 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

હઝરત મસીહ મૌઉદ (અ) પોતાના સાથીઓને અલ્લાહ તઆલાની ને'મતો પર કૃતજ્ઞતા તરફ ખૂબ જ ધ્યાન દોરતા હતા. હઝરત પીર સિરાજુલ હક સાહેબ નોમાની બયાન કરે છે કે એક પ્રસંગે, હઝરત મસીહ મૌઉદ (અ) એ મિયાં બખ્શ સૌદાઈ સાથેના તેમના ઝઘડાની સ્થિતિ વિશે મને પૂછ્યું. આપ (અ) એ સમજાવ્યું કે સૌદાઈ એક પાગલ જેણે કલમ ઉંચી કરી હતી. તેથી આવા વ્યક્તિ સાથે દલીલ અને તકરાર કરવાને બદલે, સારું વર્તન કરવું જોઈએ. દુનિયા આવા લોકોને મઝઝૂબ, વલી અલ્લાહ અને કુતુબ સાહેબ કહે છે, જે ખોટું કહે છે, પરંતુ વાસ્તવમાં આ લોકો ઘણી બધી ને'મતોથી વંચિત છે. તેઓ બુદ્ધિ, મન, વસ્ત્રો, ખાવા-પીવાના આનંદ, પત્ની અને બાળકોની ને'મતો અને તેમના ઉછેર, અલ્લાહ તઆલાની ઓળખ અને જ્ઞાન, તેમના સાર અને ગુણોનું જ્ઞાન, રસૂલ અને પયગંબરનું સન્માન અને અનુસરણ, પવિત્ર કુરાનનું પઠન, તેના અર્થો, રહસ્યો, જ્ઞાન અને મુદ્દાઓ, શરિઅત અને તરીકાહ, નમાઝ, રોઝા, હજ અને ઝકાતના પુરસ્કાર અને દરજાતથી વંચિત છે.

હઝરત મસીહ મૌઉદ (અ) એ ફરમાવ્યું કે આવા લોકો સાથે દલીલ કરવાને બદલે, અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવો જોઈએ કે તેણે આપણને આ ને'મતોથી વંચિત રાખ્યા નથી. આપણને બુદ્ધિ અને મન આપ્યું છે, પવિત્ર કુરાનનું પઠન અને તેના જ્ઞાન, રહસ્યો, ઉપદેશો અને ટિપ્સથી લાભ મેળવ્યો છે, હલાલ અને હરામ વચ્ચે તફાવત કરવાની ક્ષમતા આપી છે, રસુલોને ઓળખવામાં સક્ષમ બનાવ્યા છે અને આપણા પોતાના સ્વભાવ અને ગુણોનું જ્ઞાન આપ્યું છે. તેથી, દરેક અહમદીએ તપાસ કરવી જોઈએ કે તે અલ્લાહ તઆલાનો આભાર માનવાનો પોતાનો અધિકાર કેટલી હદ સુધી પૂર્ણ કરી રહ્યો છે.

હઝરત મલિક મુહમ્મદ હસન મુહમ્મદ સાહેબ આ કૃતજ્ઞતાનો એક ખૂબ જ અસરકારક પ્રસંગ વર્ણવે છે. હઝુર સાહેબ ફજરની નમાઝ માટે આવ્યા, ત્યારે નમાઝ પછી ખુદ્દામને પૂછ્યું કે રાત્રે સારંગીઓ અને ખંજરી ક્યાં વગાડવામાં આવે છે. જણાવવામાં આવ્યું કે મિર્ઝા નિઝામુદ્દીન સાહેબે કંચનીને બોલાવ્યા હતા. અને રાત માટે વીસ રૂપિયાનું વચન આપ્યું હતું, તેથી તે આખી રાત નાચતી અને ગાતી રહી. હઝુરએ લાંબી આહ ભરી અને ફરમાવ્યું: અલ્લાહ આ કેટલા નમકહલાલ છે એટલે કે, તે આખી રાત વીસ રૂપિયા ખાતર જાગતી રહી, જ્યારે આપણે આપણા સાચા સર્જનહાર અને માલિક માટે એક બે કલાક પણ જાગતા રહી શકતા નથી, જેણે આપણને અસંખ્ય ને'મતો આપી છે. આપે આ વાત ઘણી વાર કહી અને ફરમાવ્યું કે આપણે અલ્લાહ તઆલાની અસંખ્ય ને'મતો માટે આભાર માનતા નથી, નવાફિલ અને નમઝો તરફ ધ્યાન આપતા નથી, અને ફજરની નમાઝ માટે ઉઠવું પણ આપણા માટે મુશ્કેલ બની જાય છે.

હુઝુર ફરમાવે છે! તેથી દરેક અહમદીએ આ સંદર્ભમાં પોતાની જાતને તપાસવી જોઈએ કે આપણે અલ્લાહ તઆલાનો આભાર માનવાનો અધિકાર કેટલી હદે પૂર્ણ કરી રહ્યા છીએ.

હઝરત શેખ મુહમ્મદ ઇસ્માઇલ સાહેબ સરદાવી જણાવે છે કે હુઝુરની આદત હતી કે તેઓ ખોરાક ખાતી વખતે સુબ્હાન અલ્લાહ, અલહમ્દુલિલ્લાહ કહેતા અને કંઈક શોધતા હોય તેમ ખાતા. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) એ પણ જણાવ્યું છે કે હઝરત મસીહ મૌઉદ (અ) પોતાના મોંમાં રોટલીનો એક નાનો ટુકડો નાખતા અને તેને સારી રીતે ચાવતા, મોટો ટુકડો ન ખાતા અને તે જ સમયે સુબ્હાન અલ્લાહ સુબ્હાન અલ્લાહ કહેતા. પછી થોડા સમય પછી તે તેમાંથી થોડું શાક સાથે ખાતા. આમ, ખોરાક જેવી નજીવી દેખાતી ને'મતમાં પણ અલ્લાહ પ્રત્યે કૃતજ્ઞતા સ્પષ્ટ દેખાતી હતી.

હઝરત સૈયદ ઝૈનુલ આબેદીન વલીઉલ્લાહ શાહ સાહેબ જણાવે છે કે જ્યારે કોઈ વિસ્તાર કે શહેરમાં પ્લેગ ફાટી નીકળતો ત્યારે હઝરત મસીહ મૌઉદ (અ) પોતાના ઘર, બોર્ડિંગ હાઉસ અને પોતાના બધા મિત્રોના ઘરોની સફાઈની વ્યવસ્થા કરતા અને સલ્ફર, અગ્નિ, ફિનાઈલ અને ગુગલ વગેરેથી જંતુઓનો નાશ કરવા પર ભાર મૂકતા. આપ (અ) ફરમાવતા હતા કે સાધનનો ઉપયોગ કરવો પણ અલ્લાહ તઆલાની ને'મતોની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે છે. અલ્લાહ તઆલાએ એવી વસ્તુઓ બનાવી છે જે રોગો અને મહામારીના પ્રભાવને દૂર કરવા માટે એક સાધન તરીકે કામ કરે છે. તેથી, સાધનનો ત્યાગ કરવો એ ઇલાહી કાયદાની વિરુદ્ધ છે. જોકે, વિશ્વાસનું સ્થાન તેના પછી છે કે સાધન પસંદ કરીને ફક્ત તેના પર આધાર ન રાખવો જોઈએ, બલ્કે સાધન પાછળ અલ્લાહ તઆલાનો હાથ જોવો જોઈએ.

હઝરત મુહમ્મદ ઇબ્રાહિમ સાહેબ એક ઘટના વર્ણવે છે કે ૧૯૦૪ માં, કરમદીન કેસ માટે ગુરદાસપુરમાં રોકાણ દરમિયાન, એક મિત્ર તાજી પાકેલી ખજૂર લાવ્યો. કોઈએ તેમને ગરમ કહ્યું અને જણાવવામાં આવ્યું કે ડુંગળી ખાવાથી તેની અસર નાશ પામે છે. હઝરત મસીહ મૌઉદ (અ) એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ એટલી સારી રીતે જોગવાઈ કરી છે કે દરેક વસ્તુ માટે એક ઉપાય છે. આપે કેરી, જાંબુ, કેળા અને કાચા ચોખાના ઉદાહરણો આપ્યા અને તે પછી, ઇન્સાન માટે અલ્લાહ તઆલાની આધ્યાત્મિક અને ભૌતિક જોગવાઈઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે ઇન્સાન તેનો આભાર પણ માની શકતો નથી.

હઝરત મસીહ મૌઉદ (અ) એ બીમારીમાંથી સ્વસ્થ થવા બદલ પણ અલ્લાહ તઆલાનો આભાર માન્યો. તઝકીરત-એ-શહાદતએન લખતી વખતે, આપને પીઠમાં ભારે દુખાવો થતો અને આપ વિચારતા હતા કે કદાચ પુસ્તક પૂર્ણ કરી શકશે નહીં. રાત્રે, આપ (અ) પોતાના પરિવારને ભેગા કરીને દુઆ કરી, અને આપના પુત્ર મૌલવી અબ્દુલ લતીફની કલ્પના દ્વારા દુઆ કરી કે અલ્લાહ તઆલા આ પુસ્તક પૂર્ણ કરવાની ક્ષમતા આપે. દુઆ પછી, આપ (અ) પર ગનુદગી તારી થઈ (સૂઈ ગયા) અને ઇલ્હામ થયો: سلام قولا من رب الرحيم સવારે છ વાગ્યા પહેલાં, આપ (અ) સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયા અને તે'જ દિવસે લગભગ અડધો પુસ્તક લખી નાખ્યો. અંતે, ફરમાવ્યું: 'આ માટે અલ્લાહનો આભાર.'

હઝરત મસીહ મૌઉદ (અ) એ બરાહીન અહમદીયાના લેખન અને પ્રકાશન માટે નાણાકીય સહાય પૂરી પાડનારાઓના નામ પણ સૂચિબદ્ધ કર્યા અને તેમના માટે દુઆ કરવાની વિનંતી કરી. આ સમર્થકોમાં એવા લોકો પણ હતા જેમણે પાંચ રૂપિયા, બે રૂપિયા, અને બે આના પણ આપ્યા હતા. આપે આ બધા સમર્થકોનો આભાર માન્યો અને ફરમાવ્યું કે તેમના ઉદાર વર્તનથી ધાર્મિક ઉદ્દેશ્યો ખોવાઈ જવાથી સુરક્ષિત રહ્યા અને પ્રયત્નો વ્યર્થ જવાથી બચી ગયા. આપે તેમના નામ પણ સૂચિબદ્ધ કર્યા જેથી જે લોકો પુસ્તકથી લાભ મેળવશે તેઓ આપના અને સમર્થકો માટે દુઆએ ખૈર કરશે.

હઝરત મિયાં મંઝૂર મુહમ્મદ સાહેબનો ઉલ્લેખ કરતી વખતે, હઝરત મસીહ મૌઉદ (અ) એ તેમની નકલ લેખનની સેવા અને ઇમાનદારી બદલ આભાર માન્યો. આપે ફરમાવ્યું કે તેઓ દુનિયા માટે કામ કરતા નથી, પરંતુ ફક્ત ધર્મ પ્રત્યેના પ્રેમથી કામ કરે છે અને પોતાની ભક્તિથી સેવા કરે છે. આપ (અ) આવા નિષ્ઠાવાન મદદગારોને અલ્લાહ તઆલા તરફથી આશીર્વાદ માનતા હતા અને તેમની સેવાઓને ધાર્મિક કાર્યને પૂર્ણ કરવાનું સાધન માનતા હતા.

હઝરત શેખ યાકૂબ અલી સાહેબ ઇરફાની જણાવે છે કે હઝરત મસીહ મૌઉદ (અ) ખુદ્દામના નાનામાં નાના કામોની પણ કદર કરતા અને તેમને સાંત્વના આપતા. જ્યારે કોઈ પુસ્તક કે મેગેઝિન ઝડપથી પ્રકાશિત કરવાનો મકસદ હોય અને રાત્રે કામ પડતું, ત્યારે તેઓ પ્રેસ કામદારો માટે ખાસ કાળજી સાથે દૂધ અને અન્ય વસ્તુઓ પૂરી પાડતા, તેમને સામાન્ય કરતાં વધુ વેતન આપતા અને તેમના કામ માટે ખુશી અને કૃતજ્ઞતા વ્યક્ત કરતા.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે નબીઓના દિલ ખૂબ જ શુક્રગુઝાર હોય છે. જ્યારે હઝરત મસીહ મૌઉદ (અ)ના પુસ્તકો રાત- દિવસ છાપવામાં આવતા હતા, ત્યારે તેઓ ઘણી રાતો સુધી ઊંઘતા નહોતા, પરંતુ જો કોઈ રાત્રે પ્રૂફ લઈને આવતો, તો તેઓ તેમના અવાજ પર ઉભા થઈ જતા અને પ્રૂફ લઈને ફરમાવતા: 'જઝાક અલ્લાહ અહસાનુલ જઝા'. આપ (અ) તે વ્યક્તિનું દુઃખ અનુભવતા અને ફરમાવતા: ખુદા તેને સારા કાર્યોનો બદલો આપે. આ દર્શાવે છે કે નબીઓના દિલ બીજાઓનાઅહેસાન અને તકલીફ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હોય છે.

હાફિઝ નબી બખ્શ સાહેબ જણાવે છે કે એક વાર હઝરત મસીહ મૌઉદ (અ) બગીચામાં ફરતા હતા. આપના હાથમાં એક બેદકા લાકડી હતી જે ઝાડમાં ફસાઈ ગયો. ઘણા સાથીઓએ તેને કાઢવાનો પ્રયાસ કર્યો

પણ નિષ્ફળ ગયા. નબી બખ્શ સાહેબ ઝાડ પર ચઢી ગયા અને લાકડી કાઢી. હઝરત મસીહ મૌઉદ (અ) આ વાતથી ખૂબ ખુશ થયા અને વારંવાર તેમની પ્રશંસા કરતા ફરમાવ્યું કે મિયાં નબી બખ્શે ઝાડ પર ચઢીને તરત જ લાકડી કાઢીને ખૂબ સારું કામ કર્યું. આપ (અ) નાના અને મોટા બધાને આદરથી સંબોધતા હતા.

ડૉ. મીર મુહમ્મદ ઇસ્માઇલ સાહેબ જણાવે છે કે જ્યારે પણ કોઈ હઝરત સાહેબ માટે ભેટ લાવતું, ત્યારે તેઓ ખૂબ આભારી થતા અને ઘરે પણ તે વ્યક્તિની ઇમાનદારીનો ઉલ્લેખ કરતા. હઝરત મિર્ઝા બશીર અહમદ સાહેબે બીજો એક કિસ્સો વર્ણવ્યો કે જ્યારે ડૉ. ખલીફા રશીદુદ્દીન સાહેબ આગ્રાથી કાદિયાન આવતા, ત્યારે તેઓ હઝરત સાહેબ માટે ખોરમે (બાલુ શાહી નામની એક પ્રકારની મીઠાઈ) લાવતા. એક વાર હઝરત મસીહ મૌઉદ (અ) એ સવારથી કઈ ખાધું ન હતું પણ જ્યારે ખબર પડી કે આગ્રથી ખોરમે લાવવામાં આવ્યા છે તો ખૂબ ખુશ થયાઅને તેને પસંદ કર્યા, તારીફ કરી અને થોડું પોતાના માટે રાખવા જણાવ્યું.

ગુરદાસપુરમાં કરમ દિન કેસ દરમિયાન, જ્યારે આર્થિક તંગી હતી, ત્યારે ડૉ. ખલીફા રશીદુદ્દીન સાહેબે તેમના ઘરનો મોજૂદ માલ મોકલી અને ભવિષ્યની આવક મોકલવાનું ચાલુ રાખ્યું. હઝરત મસીહ મૌઉદ (અ) એ તેમના આ બલિદાનનો અહેસાસ થયો અને તેમને લખ્યું કે તેમણે બલિદાનની મર્યાદામાં હદ કરી દીધી છે, હવે દાન આપવાની જરૂર નથી. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે પહેલા તેઓ ફરજ તરીકે દાન આપતા હતા અને પછીથી તેમણે આભાર તરીકે પણ આપ્યું હતું.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે હઝરત મસીહ મૌઉદ (અ) એ પોતાના બાળકોને પોતાની વસિયતના દાનમાંથી મુક્તિ આપી હતી, પરંતુ રસૂલ કરીમ (સ. અ. વ.)નો ઈર્શાદ افلا اکون عبد اشکورا યાદ આવ્યો, 'શું હું કૃતજ્ઞ બંદો ન બનું?' તેથી મેં આભાર તરીકે દાન આપવાનું શરૂ કર્યું અને મારું દાન વસિયતકર્તાથી વધુ બની ગયું. પછી મને ઇલ્હામ થયો: اعملوا آل داؤد شکرا 'તેથી મેં આભાર તરીકે ઘણું દાન આપ્યું.

હુઝુર ફરમાવે છે: હઝરત મસીહ મૌઉદ (અ)ની વસિયત મુજબ, અપવાદ ફક્ત તેમના પાંચ બાળકો માટે હતો, તેમના બાળકો, પુત્રોની પત્નીઓ અથવા પુત્રોના ખાનદાન માટે નહીં. જે વસિયત કરશે તેણે વસિયતનું દાન અને મિલકતનો હિસ્સો આપવો પડશે. બહેશતી મકબરામાં દફનાવવાની પરવાનગી પણ આ પાંચ બાળકો માટે હતી, જોકે, હઝરત અમ્મા જાન અને આપ (અ)ના બાળકોએ ઘણા બલિદાનો આપ્યા. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) પછી, કોઈ ખલીફા કે પરિવારના સભ્ય માટે કોઈ અપવાદ નહોતો; દરેક વ્યક્તિએ વસિયત કરી, દાન આપ્યું અને પોતાની ક્ષમતા અનુસાર અન્ય તહેરિકોમાં પણ ભાગ લીધો. આ ફક્ત તે પાંચ બાળકો માટે અપવાદ હતો. હું આ વઝાહત એટલા માટે કરી રહ્યો છું કારણ કે મને ક્યાંકથી એક પ્રશ્ન મળ્યો હતો.

હઝરત મિયાં સદરુદ્દીન સાહેબ વર્ણવે છે કે એક વાર હઝરત મસીહ મૌઉદ (અ) એ ચિરાગ પટાવાળાને એક પૈસો આપી રેવડીઓ મંગાવી. જ્યારે રેવડીઓ આવી, ત્યારે આપે તેને બે ભાગમાં વહેંચી દીધી અને એક ભાગ તેને આપ્યો. જ્યારે તેણે તે લેવાની ના પાડી, ત્યારે આપે ફરમાવ્યું કે પૈસા મારા છે પણ મહેનત તમારી છે,

તમે લાવ્યા છો, તેથી અડધો ભાગ તમારો છે. આ બીજાઓના કામ માટે પ્રશંસા અને આભાર માનવાની પણ એક રીત હતી.

એક પ્રસંગે મિત્રોએ બટાલામાં ચાની વ્યવસ્થા કરી. હઝરત મસીહ મૌઉદ (અ) એ ચા પીવડાવનારા લોકો વિશે પૂછપરછ કરી અને તેમની સેવા બદલ આભાર માન્યો. બાદમાં, અખબારમાં આ લોકોની સેવાની જાહેરાત પણ કરી અને તેમનો આભાર માન્યો. આ દર્શાવે છે કે આપ (અ) એ કોઈની નાની સેવાને પણ અવગણી ન હતી, બલ્કે તેની પ્રશંસા કરી અને તેમનો આભાર માન્યો.

અલ્લાહ તઆલા આપણને પણ કૃતજ્ઞતાના ઉચ્ચ ધોરણો અપનાવવાની ક્ષમતા આપે.

******

اَلْحَمْدُ لِلّٰهِ نَحْمَدُهٗ وَ نَسْتَعِيْنُهٗ وَ نَسْتَغْفِرُهٗ وَ نُؤْمِنُ بِهٖ وَ نَتَوَكَّلُ عَلَيْهِ وَ نَعُوْذُ بِاللّٰهِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَيِّئَاتِ اَعْمَالِنَا مَنْ يَّهْدِهِ اللّٰهُ فَلَا مُضِلَّ لَهٗ وَ مَنْ يُّضْلِلْهُ فَلَا هَادِىَ لَهٗ وَ نَشْهَدُ أَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَ نَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ عِبَادَ اللّٰهِ رَحِمَكُمُ اللّٰهِ اِنَّ اللّٰهَ يَأْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِيْتَآءِ ذِى الْقُرْبٰى وَ يَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْكَرِ وَ الْبَغْيِ يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ اُذْكُرُوا اللّٰهَ يَذْكُرْكُمْ وَ ادْعُوْهُ يَسْتَجِبْ لَكُمْ وَ لَذِكْرُ اللّٰهِ اَكْبَرُ۔